# મહેસૂલ વિભાગ

**માનનીય અધ્યક્ષશ્રી,**

- મહેસૂલ વિભાગ માટે **માંગણી ક્રમાક–૭૮–જિલ્લા વહીવટી તંત્ર અને માંગણી ક્રમાંક–૭૯–કુદરતી આફતો અને રાહત**ની બજેટ માંગણી અંગે સન્માનનીય સભાગૃહને જણાવું તો,
- વર્ષ: ૨૦૨૩-૨૪ ની બજેટ જોગવાઇ રૂપિયા પાંચ હજાર એકસો ચાલીસ કરોડ **(રૂ.૫૧૪૦ કરોડ)** હતી અને આગામી વર્ષ: ૨૦૨૪-૨૫ માટે **રૂા. ૫૪ કરોડ** નો વધારો કરી કુલ રૂપિયા પાંચ હજાર એકસો ચોરાણું કરોડ **(રૂા.૫૧૯૪ કરોડ)** ની જોગવાઇ કરવામાં આવેલ છે.
- આ નાણાંકીય જોગવાઈ બદલ હું ગુજરાતના મક્કમ અને પ્રેમાળ મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને નાણામંત્રીશ્રી કનુભાઈ દેસાઈનો સમગ્ર રાજયના તમામ નાગરિકો વતી આભાર વ્યકત કરુ છું.

**માનનીય અધ્યક્ષશ્રી,**

- મહેસૂલ વિભાગને ગત સમયમાં સુંદર કામગીરી બદલ ઘણા “એવોર્ડ અને સન્માન” મળ્યાં છે. તેની વાત કરુ તો,

| | | |
|---|---|---|
| ૧ | **ભૂમિ સન્માન એવોર્ડ** | મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકારની ગૌરવ સિદ્ધિમાં એક સીમાચિહ્ન ઉમેરાયું છે. મહેસૂલ વિભાગને આદરણીય રાષ્ટ્રપતિજીના હસ્તે ગુજરાત રાજ્યના **અરવલ્લી, ડાંગ, જામનગર, મહેસાણા, નર્મદા અને સાબરકાંઠા** જિલ્લાઓને **કેન્દ્ર સરકારના નિર્ધારિત માપદંડો મુજબ સફળતાપૂર્વક મહેસૂલી સેવાઓ અંગે** કામગીરી કરવા એવોર્ડની તમામ **૬ કેટેગરીમાં સૌથી** ઉચ્ચ એવોર્ડ મળ્યો છે. |
| ૨ | **કોમ્પ્યુટર સોસાયટી ઓફ ઈન્ડીયા દ્વારા એવોર્ડ** | **આઇ ઓરા પોર્ટલ** પર સુંદર કામગીરી બદલ એવોર્ડ આપવામાં આવ્યો. |
| ૩ | **“સુભાષચંદ્ર બોઝ આપદા પ્રબંધન પુરસ્કાર”** | આપત્તિ જોખમ વ્યવસ્થાપન ક્ષેત્રમાં ઉત્તમ સેવા બદલ વર્ષ ૨૦૨૨ માટે સંસ્થાગત કેટેગરી હેઠળ રાષ્ટ્રીય કક્ષાનો પ્રતિષ્ઠિત **“સુભાષચંદ્ર બોઝ આપદા પ્રબંધન પુરસ્કાર” માન.વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના** હસ્તે એનાયત કરવામાં આવેલ છે. |

**માનનીય અધ્યક્ષશ્રી,**

- આ બધા એવોર્ડ વિભાગને એટલા માટે મળેલ છે કે, મહેસૂલ વિભાગે નાગરિકોને તમામ મહેસૂલી સેવાઓ ઝડપી અને પારદર્શક રીતે મળે તેની કાળજી લીધેલ છે. આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈના **"ડિજિટલ ઈન્ડિયા"** ના વિઝન મુજબ રાજ્યમાં મહેસૂલી સેવાઓને ઓનલાઈન, અદ્યતન તથા પારદર્શક બનાવવામાં આવી રહી છે.
- ગુજરાતમાં જમીન મહેસૂલ વહીવટ વધુ સંવેદનશીલ, નાગરિકોની જરૂરિયાતો પ્રમાણેનો બનાવીને વિકાસને મજબૂત કરવા વિભાગ કાર્યરત છે. આ અંગે કામગીરીની વિગતો રજુ કરુ છું.

માનનીય અધ્યક્ષશ્રી,

- રાજ્યની તમામ સરકારી જમીનનું સુચારુપણે વ્યવસ્થાપન થાય તે માટે મહેસૂલ વિભાગ કટિબધ્ધ છે. સમગ્ર રાજ્યમાં માળખાકીય સુવિધાઓમાં ઉત્તરોત્તર વધારો કરવા માટે જ્યારે–જ્યારે જમીનની જરૂરિયાત હોય ત્યારે, અમારી સરકાર માંગણી મુજબ વખતોવખત સરકારી જમીનની ફાળવણી કરે છે.
- ધોરડો ખાતે હવાઈપટ્ટી, વાંસી ખાતે પી.એમ.મિત્ર પાર્ક, કચ્છમાં ગ્રીન હાઈડ્રોજન માટે તથા ખોલવડામાં આઈ.આઈ.આઈ.ટી. તથા દેવભૂમિ દ્વારકામાં એરપોર્ટ અને હેલિપોર્ટ માટે જમીનો ફાળવી છે.

માનનીય અધ્યક્ષશ્રી,

- અમારી ભા.જ.પા. સરકારે જાહેર હીતના મહત્વના પ્રોજેક્ટ માટે પણ સરકારી જમીન ફાળવી છે તેમાં આરોગ્ય કેન્દ્ર, વીજ સબસ્ટેશન, સહકારી મંડળી/દૂધ મંડળી, પાણી પુરવઠાને ગટરના કામ વિગેરેનો સમાવેશ થાય છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

ગુજરાત **ક્રાંતિકારી મહેસૂલી સુધારાઓ**ની વાત કરુ તો,

| સુધારાનું નામ | ફાયદા |
|---|---|
| • રિન્યુએબલ એનર્જીના તમામ પ્રોજેક્ટસને હંગામી ધોરણે બિનખેતી : ૩૦ વર્ષ માટે. | • ડીમ્ડ એન.એ.થવાથી પ્રોજેક્ટ શરૂ થવામાં ઝડપ આવશે અને રીન્યુએબલ પ્રોજેક્ટ્સ નો ગુજરાતમાં ઝડપી વિકાસ થશે.<br>• ઝડપી પરવાનગી મળશે અને **"ઈઝ ઓફ ડુઈન્ગ બિઝનેસ"** ને પ્રોત્સાહન મળશે. |
| • બિન પરંપરાગત ઊર્જા સ્ત્રોતોથી **ગ્રીન હાઈડ્રોજનના ઉત્પાદન માટે જમીન ભાડાપટ્ટે** ફાળવણી. | • **ગ્રીન એનર્જી ને પ્રોત્સાહન** મળશે. **નવી રોજગારી**નું સર્જન થશે. |
| • તમામ **સબ રજીસ્ટ્રાર કચેરી**માં **સી.સી.ટી.વી.** અને ઓનલાઈન સેવાઓ. | • કચેરીઓમાં **સલામતી** અને **પારદર્શકતા** વધશે. |
| • **નવી શરતની જમીનો**ને **સુઓ મોટો** એટલે કે આપોઆપ **જૂની શરત**માં ફેરવવા ઝુંબેશ. | • અરજદારોના હિતમાં ત્રણ મહિનાના ટૂંકા સમયગાળામાં સમગ્ર રાજયમાં અંદાજીત **૫૫૦૦૦** (પંચાવન હજાર) થી વધુ સર્વે નંબરોને નવીથી જૂની શરતમાં ફેરવવાની કામગીરી કરવામાં આવી. |
| • સ્વામિત્વ યોજના હેઠળ /મિલકત ધારકોને **પ્રોપર્ટીકાર્ડ** | • રાજયના **૧૨,૮૩૪ (બાર હજાર આઠસો ચોત્રીસ)** ગામોમાં ડ્રોનથી માપણી કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે.<br>• ગ્રામ્ય વિસ્તારના **૨૨૮૧** ગામોમાં કામગીરી પુર્ણ કરી **૩,૭૦,૮૧૩ (ત્રણ લાખ સીત્તેર હજાર આઠસો તેર)** મિલકતોના પ્રોપર્ટીકાર્ડ તૈયાર કરવામાં આવેલ છે. |

**માનનીય અધ્યક્ષશ્રી,**

- સમગ્ર રાજ્યમાં સરકારશ્રીના ફેસલેસ અને પેપરલેસ કામગીરીને માધ્યમ બનાવીને પ્રજાની આ લોકપ્રિય સરકારે **ડીજીટલ ગુજરાત પોર્ટલ** બનાવ્યું છે.
- તમામ જનસેવા કેન્દ્રો પર સરકારના વિવિધ વિભાગોની કુલ **૧૪૮** જેટલી સેવાઓનો લાભ નાગરિકોને આપવામાં આવે છે. આમાંથી **૪૨** સેવાઓમાં તો નાગરિકો દ્વારા કરેલ અરજીઓનો નિકાલ **ફક્ત એક દિવસમાં કરી આપવામાં આવે છે.**
- ચાલુ વર્ષે સમગ્ર રાજ્યમાં જન સેવા કેન્દ્રો ખાતે વિવિધ સેવાઓ હેઠળ કુલ **૬૮** લાખથી પણ વધુ અરજીઓ મળેલ છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

- આજ દિન સુધી રાજયના તમામ જનસેવા કેન્દ્રો પરથી નાગરિકો દવારા કરવામાં આવેલ આશરે **૬.૧૦ કરોડ** થી વધુ અરજીઓનો નિકાલ કરવાની કાર્યવાહી કરવામાં આવેલ છે.
- **કુલ-૧૪૮** સેવાઓ કેટલીક સેવાઓની વાત કરુ તો,

| | | |
|---|---|---|
| ૧ | **આવકના** દાખલાની સેવા | • અત્યાર સુધીમાં **કુલ- ૨,૧૫,૩૧,૭૩૧ (બે કરોડ પંદર લાખ એકત્રીસ હજાર સાતસો એકત્રીસ)** અરજીઓનો નિકાલ કરવામાં આવેલ છે.<br>• ચાલુ વર્ષે **કુલ-૨૬,૫૯,૭૩૦ (છવ્વીસ લાખ ઓગણસાઇઠ હજાર સાતસો ત્રીસ)** અરજીઓનો નિકાલ કરવામાં આવેલ છે. |
| ૨ | **રેશનકાર્ડ**ની વિવિધ સેવાઓ જેવીકે નામ ઉમેરવુ/નામ કમી કરવું/નવું રેશનકાર્ડ બનાવવું વગેરે | • અત્યાર સુધીમાં **કુલ- ૧,૫૯,૫૬,૯૧૮ (એક કરોડ ઓગણસાઇઠ લાખ છપ્પન હજાર નવસો અઢાર)** અરજીઓનો નિકાલ કરવામાં આવેલ છે.<br>• ચાલુ વર્ષે **કુલ- ૨૦,૦૬,૨૭૫ (વીસ લાખ છ હજાર બસો પંચોત્તેર)** અરજીઓનો નિકાલ કરવામાં આવેલ છે. |
| ૩ | **નોન ક્રિમિલિયર સર્ટીફીકેટ** | • અત્યાર સુધીમાં **કુલ- ૩૭,૧૪,૩૦૯ (સાડત્રીસ લાખ ચૌદ હજાર ત્રણસો નવ)** અરજીઓનો નિકાલ કરવામાં આવેલ છે.<br>• ચાલુ વર્ષે **કુલ-૩,૭૬,૦૦૯ (ત્રણ લાખ છોત્તેર હજાર નવ)** અરજીઓનો નિકાલ કરવામાં આવેલ છે. |
| ૪ | **સામાજીક અને શૈક્ષણિક** રીતે પછાત વર્ગનું **પ્રમાણપત્ર** | • અત્યાર સુધીમાં **કુલ- ૩૧,૪૨,૨૧૧ (એકત્રીસ લાખ બેતાલીસ હજાર બસો અગીયાર)** અરજીઓનો નિકાલ કરવામાં આવેલ છે.<br>• ચાલુ વર્ષે **કુલ-૪,૧૬,૭૨૫ (ચાર લાખ સોળ હજાર સાતસો પચ્ચીસ)** અરજીઓનો નિકાલ કરવામાં આવેલ છે. |

| | | |
|---|---|---|
| ૫ | **વિધવા સહાય પ્રમાણપત્ર** | • અત્યાર સુધીમાં **કુલ– ૪,૪૫,૫૦૧ (ચાર લાખ પીસ્તાલીસ હજાર પાંચસો એક)** અરજીઓનો નિકાલ કરવાની કાર્યવાહી કરવામાં આવેલ છે.<br>• ચાલુ વર્ષે **કુલ–૫૬,૫૯૬ (છપ્પન હજાર પાંચસો છન્નું)** અરજીઓનો નિકાલ કરવાની કાર્યવાહી કરવામાં આવેલ છે. |
| ૬ | **વરિષ્ઠ નાગરિક પ્રમાણપત્ર** | • અત્યાર સુધીમાં **કુલ– ૫,૨૩,૩૦૮ (પાંચ લાખ ત્રેવીસ હજાર ત્રણસો આઠ)** અરજીઓનો નિકાલ કરવામાં આવેલ છે.<br>• ચાલુ વર્ષે **કુલ–૩૦,૦૮૫ (ત્રીસ હજાર પંચ્ચાસી)** અરજીઓનો નિકાલ કરવામાં આવેલ છે. |

**માનનીય અધ્યક્ષશ્રી,**

- આગામી વર્ષના બજેટમાં **જનસેવા કેન્દ્રો** અને **ઇ–ધરા કેન્દ્રો**ની સુવિધા વધારવા **રૂપિયા ૨૫ કરોડ**ની સરકારે જોગવાઇ કરી છે. જેથી જનસેવા કેન્દ્રો **અનેક આધુનિક સુવિધાઓ**થી સજ્જ થશે જેમ કે...
- **ટોકન સિસ્ટમ** મુકવામાં આવશે અને શેડ બનાવીને જનસેવા કેન્દ્રનું વિસ્તરણ થશે જેથી પ્રજાને અગવડ ન પડે તે રીતે **ઝડપથી** તેઓની **અરજીઓનો નિકાલ** કરવામાં સરળતા રહેશે.
- **સોફ્ટવેર અને હાર્ડવેર** આધુનિક થતા રાજ્યના નાગિરકોને **વધુ ઝડપી સુવિધાઓ** મળી રહેશે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

- રાજ્યના નાગરિકોને તમામ મહેસૂલી સેવાઓ સમયસર પૂરી પાડવા મહેસૂલી તંત્ર અને જિલ્લા **વહીવટીતંત્રમાં જગ્યાઓ ભરવા** માટે અમારી સરકાર કટીબદ્ધ છે. ચાલુ વર્ષે **મહેસૂલી કારકૂન અને મહેસૂલી તલાટી** સંવર્ગમાંથી **નાયબ મામલતદાર** સંવર્ગમાં **૧૬૯૫** કર્મચારીઓને બઢતી આપવામાં આવેલ છે.
- નાયબ મામલતદાર સંવર્ગમાંથી **૧૭૪** અધિકારીઓને મામલતદારમાં બઢતી આપવામાં આવેલ છે.
- મામલતદાર, સંવર્ગમાંથી **૬૯** અધિકારીઓને નાયબ કલેક્ટરમાં બઢતી આપવામાં આવેલ છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

- મહેસૂલી કામગીરીનો વ્યાપ વધતા, નાગરિકોને ગુણવત્તાયુક્ત અને ઝડપી સેવાઓ પૂરી પાડવા મહેસૂલ વિભાગ હેઠળ નાયબ કલેક્ટર /મામલતદાર/નાયબ મામલતદાર / સબ રજીસ્ટ્રાર અને અન્ય વિવિધ સંવર્ગોની **કુલ ૪૦૯** નવી જગ્યાઓ ઉભી કરવા **₹૧૮ કરોડની** જોગવાઇ કરવામાં આવેલ છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

- રાજ્યની કલેક્ટર કચેરીઓ તથા તેમની તાબાની કચેરીઓ માટે **રૂ.૭૫૩ લાખ**ની ફર્નિચર ખરીદીની જોગવાઈ કરવામાં આવેલ છે.
- રાજ્યના નાગરિકોને મહેસૂલી કાર્યોની પ્રાપ્તિ ઝડપી અને સમયસર થાય હેતુથી કલેક્ટર કચેરીઓ તથા તેમની તાબાની કચેરીઓમાં **રૂ.૨૫૦.૦૦ લાખ**ની આઈ.ટી.આઈટમની ખરીદીની જોગવાઈ કરવામાં આવેલ છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

- રાજ્યની કલેક્ટર કચેરીઓ તથા તેમની તાબાની કચેરીઓ ખાતે મહેસૂલી કામગીરી સુવ્યવસ્થિત અને ઝડપી થઇ શકે અને સરકારની જનકલ્યાણની યોજનાઓનું સુચારૂરૂપે અમલીકરણ થઇ શકે તે માટે નાયબ કલેક્ટર, મામલતદાર, નાયબ મામલતદાર, કારકુન, કોમ્પ્યુટર ઓપરેટર અને પટાવાળાની નવી જગ્યાઓ ઊભી કરવામાં આવેલ છે તે માટે **રૂા.૯૮૩ લાખ**ની જોગવાઇ કરવામાં આવેલ છે.
- રાજ્યમાં ક્ષેત્રીય કામગીરી સુવ્યવસ્થિત અને ઝડપી થઇ શકે તે માટે મહેસૂલી અધિકારીઓ માટે **કુલ–૮૧** નવા વાહનો ખરીદવા **રૂા. ૯૭૫.૦૦ લાખ**ની જોગવાઇ કરવામાં આવેલ છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

- રાજ્યના નાગરિકોને વધુ સારી સુવિધા આપવા જન સેવા કેન્દ્રો / ઈ–ધરા કેન્દ્રો/ દસ્તાવેજ નોંધણી કચેરીઓના માળખાકીય સુવિધાના અપગ્રેડેશન માટે **રૂ. ૩૭ કરોડ** ની જોગવાઇ કરવામાં આવેલ છે.
- સરકારી જમીન પરના **દબાણો અટકાવવાના હેતુથી ફેન્સીંગ / સાઇન બોર્ડ કામગીરી** માટે **રૂ. ૧૩ કરોડ** ની જોગવાઇ કરવામાં આવેલ છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

- ગુજરાતમાં ચાલતા રાષ્ટ્રીય મહત્ત્વ ધરાવતા **આંતરમાળખાકીય પ્રોજેક્ટો**ની જમીન સંપાદનની કામગીરી કેન્દ્ર સરકારના સંકલનમાં રહીને તમામ કાયદાકીય પ્રક્રિયાઓ અનુસરીને **ખેડૂતોને યોગ્ય વળતર ચુકવીને સમયમર્યાદામાં પૂરી કરવામાં** આવે છે.
- રાજ્યમાં **બુલેટ ટ્રેન, અમદાવાદ મેટ્રો, દિલ્હી મુંબઇ એક્ષપ્રેસ–વે** ની સંપાદનની લગભગ તમામ કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. તેમજ **સુરત મેટ્રો પ્રોજેક્ટસની** સંપાદનને લગતી કામગીરી પૂર્ણતાના આરે છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

- રાજયમાં મૂળ સરવે પછી પ્રથમવાર સમગ્ર રાજયની ખેતીની જમીનોની નવેસરથી આધુનિક માપણીની ટેકનોલોજીનો ઉપયોગ કરી જમીન સાથે હિત ધરાવતા તમામને ચોકકસ અને ડિજિટલ રેકર્ડ પૂરો પાડવાના હેતુથી સંકલિત કાર્યક્રમ હાથ ધરેલ છે.
- માપણી હેઠળના **કુલ ૧૮,૦૪૬ (અઢાર હજાર છેત્તાલીસ)** ગામો પૈકી **કુલ ૧૮૦૩૫ (અઢાર હજાર પાંત્રીસ)** ગામમાં માપણી પૂર્ણ થયેલ છે અને **૧૧૯૮૮ (અગિયાર હજાર નવસો ઇઠ્ઠ્યાસી)** ગામના રેકર્ડ આખરી કરી અમલવારી કરવામાં આવેલ છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

- રાજ્યમાં રિ–સરવેના પ્રમોલગેશન બાદના ખેડૂત ખાતેદારોની વાંધા અરજીઓ માટે સાદી અરજી લઈને તથા કોઈપણ માપણી ફી લીધા વગર વાંધા અરજી નિકાલની કામગીરી કરવામાં આવે છે.
- હાલમાં રાજ્યના કુલ ૩૩ **જિલ્લામાં કુલ ૬,૬૩,૭૨૩ (છ લાખ ત્રેસઠ હજાર સાતસો ત્રેવીસ)** વાંધા અરજી મળેલ છે જે પૈકી **૫,૫૧,૨૬૩ (પાંચ લાખ એકાવન હજાર બસો ત્રેસઠ)** માપણી પૂર્ણ  કરવામાં આવેલ છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

- રાજયની સિટીસરવેની મિલકતોની માપણી કરી નવુ રેકર્ડ બનાવવા તથા તે રેકર્ડ નિભાવવાની અને અદ્યતન કરવાની કામગીરી સીટી સરવે કચેરીઓ દ્વારા થઈ રહી છે.જે અંતર્ગત હાલમાં રાજ્યની કુલ ૭૧ સીટી સર્વે કચેરીઓમાં **કુલ ૬૬** લાખ જેટલા પ્રોપર્ટીકાર્ડ નિભાવવામાં આવે છે.
- જેમાં તા.૦૧.૦૪.૨૦૨૩ થી તા.૦૭.૦૨.૨૦૨૪ સુધીના સમયગાળા દરમિયાન **કુલ–૫,૧૫,૪૩૫ (પાંચ લાખ પંદર હજાર ચારસો પાંત્રીસ)** ફેરફાર નોંધો ઓનલાઇન દાખલ કરી, **કુલ–૫,૦૪,૭૦૧ (પાંચ લાખ ચાર હજાર સાતસો એક)** ફેરફાર નોંધોનો નિકાલ કરવામાં આવેલ છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

- સબ રજીસ્ટ્રાર કચેરીઓમાં દસ્તાવેજની પ્રક્રિયા પૂર્ણ કરી તેને સ્કેન કરી દસ્તાવેજની ઝેરોક્ષ કરવામાં આવતી હતી. તા. ૦૧.૦૧.૨૦૨૩ થી કોર્પોરેશન વિસ્તાર સિવાયના જિલ્લાઓમાં ઝેરોક્ષ કરવાની બંધ કરી અને કોર્પોરેશન વિસ્તારમાં તા.૦૧.૦૫.૨૦૨૩ થી ફોટોકોપી કરવાની બંધ કરી અને **દસ્તાવેજને સર્વરમાં ઓનલાઈન અપલોડ કરવામાં આવે છે.**

- જેના કારણે બિન જરૂરી રાખવામાં આવતાં રેકર્ડના કારણે સબ રજીસ્ટ્રાર કચેરીઓમાં કાગળનો વ્યય થતો હતો તે ઘટશે, કાગળની ખરીદી, પ્રિન્ટીંગ માટે આઉટસોર્સિંગને અપાતા બિલોમાં ઘટાડો થશે.
- આવી નકલો માટે લોકોનો બિનજરૂરી ઘસારો તથા કર્મચારીઓના કામ ઉપરનું ભારણ આજના ટેક્નોલોજીના યુગમાં ઘટાડી શકાય.

**માનનીય અધ્યક્ષશ્રી,**

- વર્તમાનમાં દસ્તાવેજની નોંધણી અંગે દસ્તાવેજ કરી આપનાર સબ રજીસ્ટ્રાર સમક્ષ દસ્તાવેજ કરી આપ્યાની કબૂલાત આપવા ઉપસ્થિત થાય છે, ત્યારે તેની ઓળખની ખાતરી કરાવવાના ઉદ્દેશથી સબ રજીસ્ટ્રાર સમક્ષ બે સાક્ષીઓને પણ હાજર રાખે છે. અને સબ રજીસ્ટ્રાર આ સાક્ષીઓની તપાસ કરીને દસ્તાવેજ કરી આપનારની ઓળખ પ્રસ્થાપિત કરે છે.
- દસ્તાવેજ નોંધણી વધુ સરળ બનાવવા. હવેથી અગાઉની બે સાક્ષીઓને હાજર રાખવાની પધ્ધતિમાં સરળીકરણ કરી, **પક્ષકારો પોતાનું આધારકાર્ડ અને અંગુઠાની છાપ આપશે તો બે સાક્ષી રજૂ કરવાની જરૂર રહેશે નહી એમ હાલમાં નિર્ણય કરેલ છે.**

**માનનીય અધ્યક્ષશ્રી,**

- અમદાવાદ, સુરત, રાજકોટ અને વડોદરા શહેરોમાં અગાઉ કોર્પોરેશન વિસ્તારમાં અમુક કચેરીમાં માત્ર ખેતીના દસ્તાવેજો નોંધાતા હતા. હવે આ પ્રથામાં સુધારો કરી, આવી પ્રણાલી બંધ કરી તેના સ્થાને તમામ સબ રજીસ્ટ્રાર કચેરીઓમાં ખેતી અને બિનખેતી તમામ પ્રકારના દસ્તાવેજો નોંધવાનું શરૂ કરેલ છે.
- ઉપરાંત, રાજ્ય સરકાર દ્વારા નવા જાહેર કરેલ તાલુકાઓમાં પાંચ **નવી સબ રજીસ્ટ્રાર** કચેરીઓ શરૂ કરવામાં આવેલ છે. જેના પરિણામે નાગરિકોની સુવિધામાં વધારો કરેલ છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

- રાજ્ય સમક્ષ આવનાર **કોઈપણ આપત્તિ સામે** દ્રઢપણે **મુકાબલો કરવા માટે પણ અમારી સરકાર સજ્જ છે.**
- આ બાબતે ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માં મહેસૂલ વિભાગ દ્વારા મુખ્ય સદર-૨૨૪૫ “કુદરતી આફતો અંગે રાહત સદર” હેઠળ કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગને કૃષિ રાહત પેકેજ અંતર્ગત નાના અને સીમાંત ખેડૂતોને સહાય માટે **રૂ.૩૭૧,૮૫,૩૧,૩૯૦/-(ત્રણસો ઈકોતેર કરોડ પંચ્યાસી લાખ એકત્રીસ હજાર ત્રણસો નેવું પૂરા)** ની ગ્રાન્ટ,

- માર્ગ અને મકાન **વિભાગને રૂ.૪૨૬.૮૮ કરોડની** ગ્રાન્ટ,
- ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગને **૨૨૦ કરોડ**,
- પંચાયત વિભાગને **રૂ.૨૮.૫૪ કરોડ**,
- શહેરી વિકાસ વિભાગને **રૂ.૧૦.૦૯ કરોડ**,
- શિક્ષણ વિભાગને **રૂ.૯.૧૦ કરોડ** અને
- આરોગ્ય વિભાગને **રૂ.૦.૮૬ કરોડ**ની ગ્રાન્ટ ફાળવેલ છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

- **બિપોરજોય વાવાઝોડાની વાત કરુ તો** વાવાઝોડું આવ્યું તે પહેલાં તા.૦૯.૦૬.૨૦૨૩ ના રોજ જ્યારે વાવાઝોડું પોરબંદર થી **૮૫૦** કિ.મી. દક્ષિણ–દક્ષિણ પશ્ચિમે હતું. તે તીવ્ર બનવાની હવામાન વિભાગની આગાહીને અનુલક્ષીને માન. મુખ્યમંત્રીશ્રીએ સંબંધિત કલેક્ટરશ્રીઓ સાથે ઓનલાઇન બેઠક કરી તાકીદની સૂચનાઓ આપી તથા ત્યારબાદ સાયક્લોનની પરિસ્થિતિને ધ્યાને લઈ સતત દેખરેખ રાખી.
- **માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી તથા માન. કેન્દ્રીય ગૃહ–સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહે** બિપરજોય વાવાઝોડાની સંદર્ભે સંભવિત પરિસ્થિતિની સમીક્ષા બેઠક યોજી ગુજરાત સરકારને તમામ મદદ આપી.

**માનનીય અધ્યક્ષશ્રી,**

- અસરકારક આગોતરું આયોજન કરી વહીવટી તંત્રની સમજાવટના લીધે સૌથી વધુ **૧.૫૬ લાખ** લોકોનું સ્થળાંતર કરવામાં આવેલ .
- સરકારશ્રીના વિવિધ વિભાગો/સેકટર જેવાકે ઉર્જા, આરોગ્ય, પાણી પુરવઠા, રોડ અને બિલ્ડીંગ, જીએમબી/ફિશરીઝ, વિજ્ઞાન અને ટેકનોલોજી વિગેરે સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા એક–બીજાના સતત સંકલનમાં રહીને ઉત્તમ ટીમ વર્કનું ઉદાહરણ પૂરું પાડેલ.
- એન.ડી.આર.એફ./એસ.ડી.આર.એફ. તેમજ એરફોર્સ, આર્મી, કોસ્ટ ગાર્ડ, નેવી જેવી તમામ કેન્દ્રની તથા સ્ટેટની વિવિધ સંસ્થાઓ રાહત અને બચાવના કાર્યમાં તેમના અદ્યતન ઉપકરણો સાથે જોડાયેલ.

**માનનીય અધ્યક્ષશ્રી,**

- **કુલ ૧૧૭૪** સગર્ભા મહિલાઓને સરકારી હોસ્પિટલોમાં ખસેડવામાં આવી હતી તેમજ **૭૮૦ મહિલાઓ**ની સફળતા પૂર્વક ડીલેવરી કરવામાં આવેલ હતી.
- પશુઓનું સલામત જગ્યાએ સ્થળાંતર કરવામાં આવ્યુ તેમજ પશુઓના રસીકરણ તથા ઘાસચારા માટેનો પૂરતો સ્ટોક ઉપલબ્ધ રાખવામાં આવ્યો.
- તમામ જિલ્લાઓ ખાતે સેટેલાઇટ ફોન તૈયાર રાખવામાં આવ્યા હતા. હેમ રેડીયો અને વાયરલેસ ફોન તૈયાર રાખવામાં આવેલ.

**માનનીય અધ્યક્ષશ્રી,**

આ ઉત્તમ મેનેજમેન્ટના કારણે,

- વાવાઝોડા દરમ્યાન **એકપણ માનવ મૃત્યુ થયું નહીં. સરકારની આ શ્રેષ્ઠ ઉપલબ્ધિ છે**.
- વિયેતનામ જહાજને ઊંચા દરિયામાં સુરક્ષિત સ્થળે મોકલવામાં આવ્યું હતું.
- **માન. કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રી અમિતભાઈ શાહ સાહેબે કચ્છ જિલ્લાની મુલાકાત દરમિયાન સમગ્ર તંત્રની સરાહના કરી.**
- દ્વારકા કિનારાથી **૨૦** નોટીકલ માઈલ દૂર ઓઈલ રિગમાં અટવાયેલા **૫૦** લોકોને બચાવવા ભારતીય કોસ્ટ ગાર્ડ દ્વારા સતત આખી રાત રેસ્ક્યુ ઓપરેશન કરવામાં આવેલ.

**માનનીય અધ્યક્ષશ્રી,**

- ૨૦૨૩ ના ચોમાસા દરમ્યાન રાજ્યમાં સરેરાશ વરસાદના **૧૦૮.૧૬%** વરસાદ નોંધાયેલ છે. જે અન્વયે રાજ્ય સરકાર દ્વારા માનવ મૃત્યુ સહાય પેટે **રૂા.૫૫૬ લાખ**, પશુ મૃત્યુ સહાય માટે **રૂા. ૬૦૭.૧૪ લાખ**, રોકડ સહાય રૂા**.૪૬૫.૬૮ લાખ**, ઘરવખરી સહાય **રૂા.૧૭૨૬.૮૨ લાખ,** ઝૂંપડા સહાય **રૂા.૬૬.૩૧ લાખ** અને મકાન સહાય પેટે **રૂા.૮૨૪.૮૨** લાખ અસરગ્રસ્ત વિસ્તારોમાં અત્યાર સુધીમાં ચૂકવવામાં આવેલ છે.

**આ ઉપરાંત માનનીય અધ્યક્ષશ્રી,**

- કુદરતી આફતો અંગે જાગૃતતા કેળવવા અને તાલીમ/ વર્કશોપના આયોજન માટે જિલ્લા વહીવટી તંત્રને **રૂ.૯.૬૮ કરોડ**ની ગ્રાંટની ફાળવણી કરવામાં આવેલ છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

- ગુજરાત ઈન્સ્ટિટ્યુટ ઓફ ડિઝાસ્ટર મેનેજમેન્ટ (જી.આઇ.ડી.એમ.) એ રાજ્ય સરકાર અને જીલ્લા વહિવટી તંત્ર, સ્વાયત્ત સંસ્થાઓ, બિન–સરકારી સંસ્થાઓના અધિકારીઓ તથા અન્ય કાર્યકરોની આપત્તિ વ્યવસ્થાપન વિષય અંગેના વિવિધ આંતરરાષ્ટ્રીય તથા રાષ્ટ્રીય ફ્રેમવર્ક અને નિતિઓ તથા માન.પ્રધાનમંત્રીશ્રીના ૧૦ પોઈન્ટ એજન્ડાને સુસંગત કરી આપત્તિના નિવારણ, સજ્જતા, પ્રતિભાવ, રાહત, પુન:નિર્માણ અને સાતત્યપૂર્ણ  વિકાસ માટેના ચોક્કસ ક્ષેત્રમાં ક્ષમતાવર્ધન પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે.
- ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૨૩–૨૦૨૪ દરમ્યાન જાન્યુઆરી–૨૦૨૪ અંતિત **૮૯** તાલીમ કાર્યક્રમો યોજીને **૫,૬૭૦** અધિકારીશ્રી/ કર્મચારીશ્રીઓ/ વ્યક્તિઓને આપત્તિ જોખમ વ્યવસ્થાપનના જુદા જુદા પાસાઓ ઉપર તાલીમ આપવામાં આવેલ છે તથા પાંચ લાખથી વધારે સહભાગીઓને ઓનલાઇન કાર્યક્રમો દ્વારા આપત્તિ જોખમ વ્યવસ્થાપનના વિવિધ પાસાઓથી માહિતગાર કર્યા છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

- જી.આઇ.ડી.એમ. દ્વારા સમગ્ર શિક્ષા, એજ્યુકેશન વિભાગ સાથે મળીને પીએમશ્રી (પીએમ સ્કૂલ્સ ફોર રાઈઝિંગ ઈન્ડિયા) સ્કિમ અંતર્ગત સ્કૂલોના આચાર્યો તથા શિક્ષકો માટે સ્કૂલ સેફ્ટી એન્ડ સિક્યોરિટી વિષય ઉપર અવિરત તાલીમ કાર્યક્રમ યોજવામાં આવી રહયા છે.
- જી.આઇ.ડી.એમ. દ્વારા રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી સાથે મળી ત્રણ માસનો હાઈબ્રીડ સર્ટીફીકેટ કોર્સ ઈન ડીઝાસ્ટર મેનેજમેન્ટ એન્ડ નેશનલ સીક્યોરીટી તથા જીએસએફસી યુનિવર્સિટી સાથે મળી "ફાયર એન્ડ લાઈફ સેફ્ટી ઑડિટ" અંગેનો ૧ વર્ષનો પીજી ડિપ્લોમા કોર્સ શરૂ કરવામાં આવેલ છે.

**સમાપન**

- માનનીય અધ્યક્ષશ્રી, મહેસૂલ વિભાગની કામગીરી ધ્યાને લેતાં જણાય છે કે, વિભાગ નાગરિકોના હિતો જાળવવામાં સફળ રહ્યો છે. અમારી સરકારે મહેસૂલી સેવાઓ ઘરે બેઠા ઓનલાઈન માધ્યમથી મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવી છે, મિલકત સંબંધી લેવડ–દેવડના દસ્તાવેજ નોંધણીની કામગીરી પણ કમ્પ્યૂટરાઈઝ્ડ કરવામાં આવી છે. તેમજ પારદર્શિતા જાળવવાના હેતુથી તમામ રેકોર્ડ અદ્યતન અને ડિજિટાઈઝ્ડ કરી પોર્ટલ પર મૂકવામાં આવ્યા છે. ત્યારે મહેસૂલ વિભાગની કામગીરીને બિરદાવીને માન. ધારાસભ્યશ્રીઓએ ઉપસ્થિત કરેલ કાપ દરખાસ્તો પડતી મૂકવા અને આ સન્માનનીય ગૃહના તમામ સભ્યોને મહેસૂલ વિભાગની માંગણીઓ મંજૂર કરવા અનુરોધ કરું છું.

*******************